**ઔદ્યોગિક ન્યાયપંચના પ્રમુખ અધિકારીશ્રી બી.એન.પરમાર સમક્ષ, અમદાવાદ**

**રેફરન્સ (આઈ. ટી. સી.) નં. ૨૩૩/૨૦૨૫**

**આંક-૯**

1. The Executive Director Asset Manager,
   M/s ONGC Ltd., 5th Floor, Avani Bhavan,
   Chandkheda, Ahmedabad-380005.
2. The Incharge - Security,
   M/s ONGC Ltd., Ground Floor, Avani Bhavan,
   Chandkheda, Ahmedad-380005.
3. The Director,
   M/s Lion Manpower Solution Pvt. Ltd.,
   Plot No. 10, 3rd Floor, LSC, Sector-B/1,
   Vasantkunj, New Delhi-110070.

.....**First Party**

**V/s**

The General Secretary,
Glorious Petroleum Mazdoor Sangh,
A/3, Priya Darshini Society, Nr. New Railway Colony,
Sabarmati, Ahmedabad(Gujarat)-380019.

.....**Second Party**

**હાજર રહ્યાઃ**
પ્રથમ પક્ષકાર તરફેઃ-વિ. વ. શ્રી પી. એફ. ઝવેરી.
બીજા પક્ષકાર તરફેઃ-વિ. પ્રતિનિધીશ્રી આર. એસ. સીસોદિયા.

**વિષયઃ-** ઔધોગિક વિવાદ ધારો, ૧૯૪૭ અન્વયે ન્યાય નિર્ણય કરવા બાબત...

**- એવોર્ડ -**

**૧.** સદર રેફરન્સ ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય, શક્તિ ભવન, નવી દિલ્હીનાએ તા. 18/02/2019, F. No. L-30011/59/2018-IR(M)થી ન્યાય નિર્ણય કરવા અત્રેના ઔધોગિક

ન્યાયપંચને ન્યાય નિર્ણય કરવા માટે સુપ્રત કરવામાં આવેલ છે. સદર વિવાદની અનુસૂચિ નીચે મુજબ છે.

**–The Schedule–**

"Whether the demand of the union, General Secretary, Glorious Petroleum Mazdoor Sangh, Ahmedabad for Contractual Security Guard service under Compossoionate ground to Shri Yuvraj Sinh Zala, S/o Late Shri Vikram Sinh Zala, worked under contractor as a contractual security guard in the ONGC Ltd, Ahmedabad is proper and justified? If yes, What relief, Shri Yuvraj Sinh Zala, S/o Late Shri Vikram Sinh Zala is entitled to and what other directions are necessary in the matter?"

**૨.** આ કામમાં બીજા પક્ષકારના પ્રતિનિધી હાજર રહેલ છે અને તેઓએ મૌખિકમાં એવી રજુઆત કરેલ છે કે બીજા પક્ષકાર શ્રમયોગીને હાલના કેસમાં કોઈ રસ ના હોઈ હાજર રહેતા નથી. જ્યારે પ્રથમ પક્ષકાર તરફે સંસ્થાના વિ. વ. શ્રી પી.એફ. ઝવેરીનું વકીલાતનામું રજુ થયેલ છે, તેઓએ આંક-૮ થી લેખિત અરજી આપી બીજા પક્ષકાર છેલ્લા ઘણા સમયથી હાજર રહેતા ન હોય અને માંગણાનું નિવેદન રજુ કરેલ ન હોઈ હાલનો રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

**૩.** પ્રથમ પક્ષકારના વિ. વ. શ્રી દ્વારા આપવામાં આવેલ આંક-૮ની અરજી અન્વયે હાલના કેસનો રેકર્ડ ચકાસતાંબીજા પક્ષકાર શ્રમયોગી છેલ્લા ઘણો લાંબા સમય વીતી જવા છતાં અદાલત સમક્ષ કયારેય હાજર રહેલ નથી કે તેઓનું માંગણાનું નિવેદન રજુ કરેલ નથી. તેમજ રેફરન્સની અનુસૂચિમાં માંગ્યા મુજબની દાદ મેળવવા તેઓ હક્કદાર થાય છે, તે બાબતે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી કે મૌખિક પુરાવો લીધેલ નથી આથી બીજા પક્ષકાર સંબંધિત શ્રમયોગીએ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી તેઓ રેફરન્સની

અનુસૂચિમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર થાય છે તે બાબત પુરવાર કરેલ નથી.

૪. હાલનો રેફરન્સ ઔધોગિક તકરાર અધિનિયમ–૧૯૪૭ ની કલમ–૭(એ) હેઠળ રચવામાં આવેલ ટ્રિબ્યુનલને તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે સોંપવામાં આવેલ છે. આ કલમ હેઠળ રચાયેલ ટ્રિબ્યુનલને સમુચિત સરકાર ધ્વારા ઔધોગિક વિવાદ ધારા–૧૯૪૭ ની કલમ–૧૦ હેઠળ લેખિત હુકમ કરીને તકરાર ન્યાય નિર્ણય કરવા સારુ મોકલી આપવામાં આવેલ છે. કલમ–૧૦(૪) હેઠલ ટ્રિબ્યુનલને કોઈ ઔધોગિક તકરાર મોકલવાનાં હુકમમાં અથવા પછીના કોઈ હુકમમાં સમુચિત સરકારે ન્યાય નિર્ણય માટે તકરારી મુદ્દાઓ નિર્દિષ્ટ કરેલ હોય ત્યારે તે મુદ્દા અને તેને આનુષાંગિક બાબતનો જ ન્યાય નિર્ણય કરવાનો રહેશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. તેમજ કલમ–૧૦(૮) હેઠળ સોંપવામાં આવેલ ઔધોગિક તકરારનાં સબંધમાં મજુર કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા રાષ્ટ્રીય ટ્રિબ્યુનલ સમક્ષની નિકાલ બાકી કોઈ પણ કાર્યવાહી, તકરારને પક્ષકારો પૈકી કોઈ પક્ષકાર કામદારો હોય અને તેના મૃત્યુને કારણે જ રદ થશે નહી અને આવી મજુર કોર્ટ, ટ્રિબ્યુનલે અથવા રાષ્ટ્રીય ટ્રિબ્યુનલે આવી કાર્યવાહી પુરી કરી સમુચિત સરકારને પોતાનો ચુકાદો સાદર કરવો જોઈશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે, એટલે કે , આ જોગવાઈઓનું વિસ્તારપુર્વક અર્થઘટન કરવામાં આવે તો મજુર કોર્ટ અથવા ટ્રિબ્યુનલને જે તકરારનો ન્યાય નિર્ણય કરવા સારું સોંપવામાં આવેલ હોય તે કાર્યવાહી રદ થઈ શકતી નથી, પરંતુ સોંપવામાં આવેલ કાર્યવાહી પુરી કરીને સમુચિત સરકારને ચુકાદો સાદર કરવાની જોગવાઈ કરવામાં છે. આ અંગે વધુ સ્પષ્ટતા સારું ઔધોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ–૧૫ પણ ધ્યાને લેવી જરુરી છે કે જે નીચે મુજબ છેઃ–

**<u>કલમ–૧૫ઃ</u>–**

**<u>મજુર કોર્ટો, ટ્રિબ્યુનલો અને રાષ્ટ્રીય (નેશનલ) ટ્રિબ્યુનલો ની</u>**

**<u>ફરજોઃ</u>–**

"કોઈ ઔધોગિક તકરાર મજુર કોર્ટ, ટ્રિબ્યુનલને ન્યાયનિર્ણય માટે મોકલવામાં આવી હોય, ત્યારે તેણે બનતી ત્વરાએ પોતાની

કાર્યવાહી કરવી જોઈશે, અને આવી ઔધોગિક તકરાર ઉલ્લેખ કરતાં હુકમમાં નિર્દિષ્ટ કરેલી મુદ્દત અથવા કલમ-૧૦ ની પેરા કલમ(૨) નાં બીજા પરંતુ હેઠળ લંબાવેલી વધુ મુદતની અંદર પોતાનો ચુકાદો સમુચિત સરકારને રજુ કરવો જોઈશે."

**૫.** ઉપરોક્ત કલમ હેઠળ તથા અગાઉ ચર્ચા કર્યા મુજબ કલમ-૧૦ હેઠળ ટ્રિબ્યુનલને સોંપવામાં આવેલ ઔધોગિક તકરારનો ચુકાદો સમુચિત સરકારને રજુ કરવો જોઈશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે, એટલે કે, જ્યારે ટ્રિબ્યુનલને ન્યાય નિર્ણય કરવા સારું તકરાર મોકલવામાં આવેલ હોય ત્યારે ટ્રિબ્યુનલે તેનો ન્યાય નિર્ણય કરીને તેનો ચુકાદો સમુચિત સરકારને મોકલી આપવાનો હોય છે. આમ, ઉપરોક્ત કલમનાં અભ્યાસનાં આધારે એવું સ્પષ્ટપણે કહી શકાય કે, મજુર કોર્ટ કે ટ્રિબ્યુનલને સોંપવામાં આવેલ ઔધોગિક તકરાર સ્ટેજનાં કોઈપણ તબક્કે રદ્દ કે ઈનફ્રક્ચ્યુઅસ થઈ શકતી નથી, પરંતુ તેનો જે તે ન્યાય નિર્ણય કરીને તેનો ચુકાદો સમુચિત સરકારને મોકલી આપવાનો હોય છે.

**૬.** આ કામનાં બીજા પક્ષકારને અનેક મુદતો આપવા છતાં ન્યાયપંચ સમક્ષ હાજર રહીને તેઓના કેસનાં સમર્થનમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા ધ્વારા કેસની હકીકત પુરવાર કરેલ નથી. તેમજ તેઓના કેસના સમર્થનમાં કોઈ દલીલો રજુ કરેલ નથી. બીજા પક્ષકારને તેઓનું માંગણાનું નિવેદન રજુ કરવા માટે યોગ્ય પુરતી તકો આપવામાં આવેલ છે. ત્યારબાદ પણ બીજા પક્ષકાર દ્વારા આ કામે પોતાની માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ નથી. ત્યારબાદ પણ બીજા પક્ષકાર સબંધિત કામદાર યુનિયનને અનેક મુદતો આપવા છતાં બીજા પક્ષકાર યુનિયન દ્વારા આ ન્યાયપંચ સમક્ષ હાજર રહી કોઈપણ પ્રકારના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરીને કે, મૌખિક કે લેખિત દલીલો રજુ કરીને રેફરન્સમાં ઉપસ્થિત કરેલ માંગણાના નિવેદનમાં માંગ્યા મુજબની દાદ મેળવવા તેઓ હકકદાર થાય છે તે બાબત પુરવાર કરેલ નથી. તેમજ રેફરન્સની અનુસૂચિમાં માગ્યા મુજબની દાદ મેળવવા તેઓ હકકદાર થાય છે તે બાબતે બીજા પક્ષકાર સબંધિત કામદાર કે તેઓના પ્રતિનિધિએ અત્રે ન્યાયપંચ સમક્ષ હાજર રહી પુરવાર કરવાની દરકાર લીધેલ

નથી. આથી બીજા પક્ષકાર સંબંધિત કામદાર રેફરન્સની અનુસૂચિમાં જણાવ્યા મુજબની કોઈપણ પ્રકારની દાદ મેળવવા કાયેદસર રીતે હકકદાર થતાં નથી તેમ ઠરાવવામાં આવે છે અને આ કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) આથી બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

તા. ૦૨/૦૫/૨૦૨૬
અમદાવાદ

(ભદ્રેશ નાનાલાલ પરમાર)
પ્રિસાઈડીંગ ઓફીસર
ઔધોગિક ન્યાયપંચ નં. ૪,
અમદાવાદ
(જજ કોડ નં. જીજે૦૦૭૭૨)